




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ફાગણ વદ પાંચમ, બુધવાર ૧૯ માર્ચ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૧૩

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


## કરારમાં ફેરફારની ઇઝરાયલી માગ નકારાતા થયેલા હૂમલાથી યુદ્ધવિરામનો દેખીતો અંત

# ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં 400થી વધુનાં મોત

**વહેલી** સવારે ગાઝાના અનેક વિસ્તારોમાં ઇઝરાયેલના હવાઇ હુમલાઓ, મૃતકોમાં અનેક મહિલાઓ અને બાળકો, ૫૬૦થી વધુને ઇજા

**હમાસે** કહ્યું કે ફરીથી યુદ્ધ શરૂ કરવાનો નેતાન્યાહુનો નિર્ણય બાકીના બંધકો માટે દેહાંતદંડ સમાન





**દૈર અલ-બલાહ(ગાઝા પટ્ટી), તા. 18 (AP):** ઈઝરાયેલે આજે વહેલી સવારે ગાઝા પટ્ટીના વિસ્તારોમાં હવાઈ હુમલાઓ કર્યા હતા, જેમાં મહિલાઓ અને બાળકો સહિત 400થી વધુ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા હતા એમ હોસ્પિટલ અધિકારીઓએ જણાવ્યું હતું. આ અણધાર્યા બોમ્બમારાએ જાન્યુઆરીથી અમલમાં મૂકાયેલા યુદ્ધ વિરામને હચમચાવી નાખ્યો છે અને 17 મહિના જૂના યુદ્ધને ફરી ભડકાવવાનો ભય ઉભો કર્યો છે.

હમાસે યુદ્ધવિરામ કરારમાં ફેરફાર કરવાની ઈઝરાયલી માંગણીઓનો ઈનકાર કર્યા પછી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હુમલાઓનો આદેશ આપ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી ખુલ્લા છેડા ધરાવે છે અને તેનો વિસ્તૃત બની શકે છે. વ્હાઇટ હાઉસે કહ્યું કે તેની સલાહ લેવામાં આવી હતી અને તેણે ઈઝરાયલની કાર્યવાહીને સમર્થન આપ્યું છે. ઈઝરાયલી સૈન્યએ લોકોને પૂર્વી ગાઝા, જેમાં ઉત્તરીય શહેર બેઈટ હનૌન અને દક્ષિણમાં અન્ય સમુદાયોનો સમાવેશ થાય છે, ખાલી કરવાનો અને પ્રદેશના કેન્દ્ર તરફ જવાનો આદેશ આપ્યો છે, જે દર્શાવે છે કે ઈઝરાયલ ટૂંક સમયમાં નવેસરથી ભૂમિ કાર્યવાહી શરૂ કરી શકે છે. ઈઝરાયલ હવેથી વધતી લશ્કરી તાકાત સાથે હમાસ સામે કાર્યવાહી કરશે એમ નેતાન્યાહુના કાર્યાલયે જણાવ્યું હતું.

મુસ્લિમોના પવિત્ર રમઝાન માસ દરમ્યાન જ આ હુમલાઓ ફરી શરૂ થયા છે અને તેમણે હમાસના કબજામાં રહેલા બાકીના બંધકોના ભાવિ સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. હમાસના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે યુદ્ધ તરફ પાછા વળવાનો નેતાન્યાહુનો નિર્ણય એ બાકીના બંધકો માટે દેહાંતદંડ સમાન છે. આ અધિકારીએ આક્ષેપ કર્યો હતો કે નેતાન્યાહુએ પોતાની ગઠબંધન સરકાર બચાવવા આ હુમલો કર્યો છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા 404 લોકો આ હુમલાઓમાં માર્યા ગયા છે અને ૫૬૦ કરતા વધુ ઘાયલ થયા

...અનુસંધાન પાના 11 પર

### નેતાન્યાહુએ પોતાની સરકાર બચાવવા હુમલાઓ કર્યા?

નેતાન્યાહુ ઇઝરાયેલમાં ભારે ભીંસમાં છે. એક તો તેમની સામે બંધક કટોકટીને યોગ્ય રીતે હાથ નહીં ધરવાના આક્ષેપો પ્રજા તરફથી થઇ રહ્યા છે. બીજી બાજુ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો પણ છે. આ હુમલા પછી આ કાર્યવાહીમાં તેમની પૂછપરછ રદ થઇ છે. વળી એક કટ્ટર યહુદી પાર્ટી કે જે યુદ્ધ વિરામ વખતે ગઠબંધન છોડી ગઇ હતી તે હવે ગઠબંધનમાં પાછી ફરી છે.

### બંધકોના પરિવારો દ્વારા સરકારની ટીકા

હમાસના હાથમાં પકડાયેલા બંધકોના પરિવારોના જૂથે આ યુદ્ધ ફરી શરૂ કરવા બદલ નેતાન્યાહુ સરકારની ટીકા કરી છે અને કહ્યું છે કે સરકારે બંધકોને તેમના હાલ પર છોડી દેવાનું પસંદ કર્યુ છે. અમને એ વાતથી આઘાત લાગ્યો છે અને રોષ જન્મ્યો છે કે અમારા સ્વજનોને પરત લાવવાની પ્રક્રિયા ઇરાદાપૂર્વક ખોરવી નાખવામાં આવી છે એમ હોસ્ટેજ એન્ડ મિસિંગ ફેમીલીઝ ફોરમે એક નિવેદનમાં આજે જણાવ્યું હતું.

## ટ્રમ્પ-પુટિન વચ્ચે ફોન પર બે કલાક વાત થઇ : 30 દિવસના યુદ્ધ વિરામની દરખાસ્ત સાથે પુટિન સંમત

**બંને** નેતાઓ વચ્ચે અનેક મુદ્દે ચર્ચાઓ થઇ, યુદ્ધનો અંત લાવવાની યોજના ઘડવા બંને નેતાઓ સંમત થયા હોવાના સંકેત

**રશિયા** અને યુક્રેન એકબીજાના ઉર્જા માળખા પર હુમલા નહીં કરે તે માટેના કરાર માટે પુટિન તૈયાર

**વોશિંગ્ટન, ક્રેમલિન, તા. 18:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન વચ્ચે નિયત કાર્યક્રમ મુજબ આજે ફોન કોલ યોજાયો હતો, લંબાણપૂર્વકની આ ટેલિફોનિક વાતચીતમાં બંને નેતાઓ યુક્રેન-રશિયા યુદ્ધનો અંત લાવવા

...અનુસંધાન પાના 11 પર

### યુક્રેન પોતાની પ્રાદેશિક અંખડિતતા પર સમાધાન નહીં કરે: વિદેશ મંત્રી

**નવી દિલ્હી.** યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ મંગળવારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન વચ્ચેની આતુરતાથી રાહ જોવાતી ફોન વાતચીત પહેલા જણાવ્યું હતું કે યુક્રેન તેની પ્રાદેશિક અખંડિતતા અને પોતાના સંરક્ષણ વિકાસના અધિકાર સાથે ક્યારેય સમાધાન કરશે નહીં. રાયસિના ડાયલોગમાં એક ઇન્ટરેક્ટિવ સત્રમાં, સિબિહાએ કહ્યું કે કિવ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને રોકવા માટે 30 દિવસના યુદ્ધવિરામ માટેના અમેરિકાના પ્રસ્તાવને સમર્થન આપે છે. યુક્રેનના વિદેશ મંત્રીએ દ્વિપક્ષીય બેઠકમાં તેમના ભારતીય સમકક્ષ એસ જયશંકર સાથે શાંતિ પહેલ પર તેમના દેશનો દ્રષ્ટિકોણ શેર કર્યો. જયશંકરે શાંતિ વાટાઘાટો પર યુક્રેનિયન દ્રષ્ટીકોણને શેર કરવા બદલ કીવની પ્રશંસા કરી હતી.

## 'નોકરી માટે જમીન' કેસમાં લાલુ પ્રસાદ યાદવને આજે હાજર થવા સમન્સ

**રાબડી** દેવી, તેજ પ્રતાપ ઈડી સમક્ષ હાજર થયા, આ સમન્સ પાછળ રાજકીય હેતુ હોવાનો મીસા ભારતીનો આરોપ

**પટના-નવી દિલ્હી, તા. 18 (PTI):** બિહારનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી અને તેમના ધારાસભ્ય પુત્ર તેજ પ્રતાપ યાદવ મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સમક્ષ હાજર થયા, સંસ્થાએ તેમના પતિ અને આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદને પણ 'નોકરી માટે જમીન'ના મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું હતું, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

66 વર્ષીય રાબડી દેવી તેમનાં મોટી પુત્રી અને પાટલીપુત્ર સાંસદ મીસા ભારતી સાથે પટનામાં આવેલી ઈડી ઓફિસ પહોંચ્યા હતા. સેંકડો આરજેડી કાર્યકરો પણ ઈડી ઓફિસ પહોંચ્યા હતા અને માતા-પુત્રીની જોડીની જયજયકાર કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. 36 વર્ષીય તેજ પ્રતાપ યાદવ પણ તપાસકર્તાઓ સમક્ષ હાજર થયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, 76 વર્ષીય લાલુને બુધવારે પટનામાં કેન્દ્રીય તપાસ એજન્સી સમક્ષ રજૂ થવા માટે કહેવામાં આવ્યું છે. તેઓએ સૂચવ્યું હતું કે કેસમાં કેટલાક 'વધારાના તથ્યો' બહાર આવતાં પૂછપરછનો નવો રાઉન્ડ જરૂરી બન્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે ત્રણેયના નિવેદનો પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ

...અનુસંધાન પાના 11 પર

## સુનીતા વિલિયમ્સ, બુચ વિલ્મોર પૃથ્વી પર પરત આવવા રવાના

**સ્પેસએક્સનું** યાન આઇએસએસ પરથી રવાના થયું, ભારતીય સમય પ્રમાણે બુધવારે વહેલી સવારે ફ્લોરિડા નજીકના સમુદ્રમાં ઉતરાણ કરશે



**કેપ કાનાવેરલ (અમેરિકા), તા. 18:** નાસાના બે ફસાયેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર પરત આવવા માટે આજે રવાના થયા હતા જ્યારે સ્પેસએક્સનું યાન તેમને લઇને ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરથી રવાના થયું હતું. જે બંને અવકાશયાત્રીઓ બોઈંગ કંપનીનું યાન મુશ્કેલીગ્રસ્ત બન્યા બાદ છેલ્લા નવ મહિનાથી અવકાશમાં આઇએસએસ પર ફસાયેલા હતા. બુચ વિલ્મોર અને ભારતીય મૂળના સુનીતા વિલિયમ્સે તેઓ છેલ્લા અનેક મહિનાથી જ્યાં રહેતા હતા તે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકને આજે અલવિદા કરી હતી અને અન્ય બે અવકાશયાત્રીઓની સાથે સ્પેસએક્સની ક્રૂ કેપ્સ્યુલમાં ત્યાંથી રવાના થયા હતા. આ કેપ્સ્યુલ અમેરિકાના ઇસ્ટર્ન ટાઇમ પ્રમાણે રાત્રે ૧ વાગ્યા પછી થોડા સમય બાદ આઇએસએસથી અલગ થઇ હતી અને સત્તરેક કલાકની યાત્રા બાદ પૃથ્વીના

...અનુસંધાન પાના 11 પર

### મોદીએ સુનિતા વિલિયમ્સને પત્ર લખ્યો, ભારત આવવા આમંત્રણ



**નવી દિલ્હી.** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં નવ મહિનાના રોકાણ બાદ બુધવારે વહેલી સવારે પૃથ્વી પર પરત ફરનારાં નાસાનાં અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સને પત્ર લખ્યો છે અને તેમને ભારત આવવાનું આમંત્રણ આપ્યું છે. 1 માર્ચના રોજ લખાયેલ અને નાસાના ભૂતપૂર્વ અવકાશયાત્રી માઇક માસિમિનો દ્વારા મોકલાયેલો આ પત્ર કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી

...અનુસંધાન પાના 11 પર

### સુનીતાના ગામ ઝુલાસણમાં પ્રાર્થનાઓ, સલામત વાપસી થતાં દિવાળી જેવી ઉજવણીનું આયોજન

**મેહસાણા.** ગુજરાતી મૂળના અમેરિકી અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સના પૂર્વજોના ગામ ઝુલાસણમાં લોકો અધ્ધરજીવે સુનીતાના પૃથ્વી પર પરત ફરવાની રાહ જોઇ રહ્યા છે. તેઓ સુનીતા સલામત રીતે પાછા ફરે તે માટે પ્રાર્થનાઓ કરી રહ્યા છે. સુનીતા વિલિયમ્સના પિતા દીપક પંડ્યાનું ગામ મહેસાણા જિલ્લામાં આવેલું ઝુલાસણ છે.

...અનુસંધાન પાના 11 પર




### જગદીપ ધનખરે મહિલા પત્રકારોને પાર્ટી આપી

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખરે હાલમાં જ મહિલા પત્રકારોના એક સમૂહને વાઈસ પ્રેસિડેન્ટ્સ એન્ક્લેવમાં આમંત્રિત કર્યા હતા જેનું ઉદ્ઘાટન હાલમાં જ કરાયું હતું. યજમાન પત્રકારોના સીધા પ્રશ્નોના જવાબ આપવામાં અચકાયા ન હતા સાથે જ તેમણે ખાતરી કરી હતી કે તેમને પીરસવામાં આવેલા નાસ્તામાં એક વિશેષ સંદેશ હોય. ટેબલ પર તેમના પત્ની ડો. સુદેશ ધનખર દ્વારા બનાવેલા તલના લાડુ હતા જે તેમના ગૃહ રાજ્ય રાજસ્થાનનો સ્પર્શ લાવતા હતા ઉપરાંત રસગુલ્લા હતા, જે 2019 અને 2022 દરમિયાન પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકેના તેમના દિવસોની યાદ અપાવે છે,

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૮-૦૩-૨૦૨૫નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૬.૮° સે. | ૨૦.૮° સે. | ૧૮% |

## મહાકુંભ ભારતીય ઈતિહાસમાં નિર્ણાયક ક્ષણ : PM મોદી

**વડા** પ્રધાને 1857ના વિદ્રોહ અને મહાત્મા ગાંધીની દાંડી કૂચ સાથે મહાકુંભને સરખાવ્યો

**મહાકુંભે** દેશમાં એકતાની ભાવના મજબૂત કરી : મોદી

**નવી દિલ્હી, તા. 18 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે હાલમાં જ પ્રયાગરાજમાં યોજાયેલું મહાકુંભ ભારતીય ઈતિહાસમાં નિર્ણાયક ક્ષણ હતી જેમ કે 1857નો વિદ્રોહ અને મહાત્મા ગાંધીની દાંડી કૂચ જેણે રાષ્ટ્રને પ્રેરીત કર્યું હતું અને સ્વતંત્રતાનો માર્ગ બનાવ્યો હતો. લોકસભામાં નિવેદન આપતા વડા પ્રધાને કહ્યું હતું કે મહાકુંભે દેશમાં એકતાની ભાવના મજબૂત કરી છે અને તે લોકોને યોગ્ય જવાબ આપ્યો છે જેઓ આવા વિશાળ મેળાવડાનું આયોજન કરવા માટે ભારતની ક્ષમતા પર પ્રશ્ન ઉઠાવ્યા હતા. મોદીએ કહ્યું કે મહાકુંભમાં એકતાનું વિશાળ પ્રદર્શન ભારતની તાકાત છે, ખાસ કરીને એવા સમયે જ્યારે વિશ્વમાં અવ્યવસ્થા ચાલી રહી છે. લોકોએ પોતાનો અહંકાર બાજુએ મૂક્યો હતો અને 'મેં' નહીં પણ 'આપણે'ની ભાવના સાથે પ્રયાગરાજમાં ભેગા થયા હતા. મહાકુંભે દેખાડ્યું કે મોટા અને નાના વચ્ચે કોઈ ભેદ નથી,

...અનુસંધાન પાના 11 પર

### વડા પ્રધાનના નિવેદન પર વિપક્ષનો હોબાળો, ગૃહની કાર્યવાહી મોકૂફ રખાઈ

વડા પ્રધાને મહાકુંભ પર નિવેદન આપ્યા બાદ વિરોધ પક્ષોએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા તેઓ નિવેદન પર પ્રશ્ન પૂછવા માગતા હતા. વિરોધ પક્ષના નેતાઓ ઉભા થઈ ગયા હતા જ્યારે રાહુલ ગાંધી સ્પીકર ઓમ બિરલાને આ નેતાઓને બોલવાની મંજૂરી આપવાની વિનંતી કરી રહ્યા હતા. તેમણે નાસભાગના કારણે થયેલા મૃત્યુને પણ નિવેદનમાં સામેલ કરવાની માગ કરી હતી. બાદમાં

...અનુસંધાન પાના 11 પર

## ગ્રુપ-એમ, ડેન્ટ્સુ જેવી મોટી જાહેરાત કંપનીઓ પર CCIના દરોડા

**આ કંપનીઓ** પર બ્રોડકાસ્ટર્સ સાથે મિલીભગત કરી ડિસ્કાઉન્ટેડ સ્લોટ મેળવવાનો આરોપ, મુંબઈ, નવી દિલ્હી અને ગુરુગ્રામમાં દરોડા પાડવામાં આવ્યા

**નવી દિલ્હી, તા. 18:** કમ્પીટીશન કમિશન ઓફ ઈન્ડિયાએ ગ્રુપ-એમ, ડેન્ટ્સુ અને ઈન્ટરપબ્લીક ગ્રુપ સહિતની જાહેરાતની મોટી વૈશ્વિક કંપનીઓની ઓફિસો અને બ્રોડકાસ્ટરના ઔદ્યોગીક જૂથ પર દરોડા પાડ્યા હતા, એમ એક સમાચાર સંસ્થાએ મંગળવારે અહેવાલ આપ્યો હતો.

એન્ટિ-ટ્રસ્ટ બોડીએ એજન્સીઓ અને ટોચના બ્રોડકાસ્ટર્સ સામે જાહેરાત દરોમાં વિશેષ ડિસ્કાઉન્ટ આપવાના આરોપસર કેસ શરૂ કર્યા પછી સીસીઆઈના અધિકારીઓએ લગભગ 10 સ્થળોએ તપાસ શરૂ કરી હતી. મુંબઈ, નવી દિલ્હી અને ગુરુગ્રામમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે, એમ અહેવાલમાં કહેવાયું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે મુંબઈ એરપોર્ટ નજીક ગ્રુપ-એમના મુંબઈ કાર્યાલયને સીસીઆઈ અધિકારીઓ

...અનુસંધાન પાના 11 પર

## અમેરિકી અબજપતિ જ્યોર્જ સોરોસની બેંગલોર સ્થિત પેઢીઓ પર ઇડીના દરોડા

**ખાનગી** ફંડિંગ એજન્સી OSF અને તેની રોકાણ પાંખ EDF પર દરોડા પાડવામાં આવ્યા

**નવી દિલ્હી, બેંગલુરુ, તા. 18 (PTI):** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ(ઈડી)એ આજે વિદેશી હુંડીયામણના નિયમોના કથિત ભંગ અંગેની તેની તપાસના ભાગરૂપે અમેરિકી અબજપતિ જ્યોર્જ સોરોસ પાસેથી ભંડોળ મેળવતી ખાનગી ફંડિંગ એજન્સી ઓએસએફ અને તેની રોકાણ શાખા ઈડીએફ પર દરોડા પાડ્યા હતા એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

EDના સૂત્રોએ જણાવ્યું હતું કે, ઓપન સોસાયટી ફાઉન્ડેશન્સ (OSF) અને ઈકોનોમિક ડેવલપમેન્ટ ફંડ (EDF) ના લાભાર્થીઓના આઠ પરિસર, જેમાં કેટલાક આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓ સાથે જોડાયેલા છે, અને અસ્પાડા ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીનો સમાવેશ થાય છે, તેમને ત્યાં ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ શોધખોળો કરવામાં આવી હતી. સૂત્રોએ અસ્પાડાને ભારતમાં સોરોસ EDF(SEDF)ના રોકાણ સલાહકાર અથવા ફંડ મેનેજર અને મોરેશિયસ એકમની સંપૂર્ણ માલિકીની પેટાકંપની તરીકે ઓળખાવી હતી. SEDF એ તેના પોર્ટલ મુજબ ઓપન સોસાયટી

...અનુસંધાન પાના 11 પર